# શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા

## PM -YASASVI Post Metric Scholarship for OBC, EBC and DNT Students

## સ્કોલરશીપના ફોર્મ ભરવા માટે અગત્યની સૂચના
## (ડિઝિટલ ગુજરાત)
## (સેલ્ફ ફાયનાન્સ)

– વિદ્યાર્થીઓએ કોલેજમાં લગાવેલ નોટીસ બોર્ડ ઉપર લગાવેલ સૂચનાઓ વાંચીને જ પોતાને લાગુ પડતી સ્કોલરશીપ યોજનાનું ફોર્મ ભરવું.

– અગાઉ વર્ષ ૨૦૨૪–૨૫ માં જે વિદ્યાર્થીઓએ ડીજીટલ ગુજરાતમાં ઓનલાઈન સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે. **(અગાઉ ઓનલાઈન કરેલ ફોર્મમાં જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે કોઈ કારણસર ખોવાઈ ગયેલ હોય અથવા બંધ થઈ ગયેલ હોય તો તેવા OBC જાતિના વિદ્યાર્થીઓએ OBC કચેરી પાલનપુરનો સંપર્ક કરી પોતાનો નવો નંબર અપડેટ કરાવવાનો રહેશે અને ત્યારબાદ જ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે.)**

– જે વિદ્યાર્થીઓએ સેમ–૧ માં નવું એડમિશન લીધેલ હોય અથવા અગાઉ ફોર્મ ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ ફોર્મ ભરવાનું રહેશે.

– **કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારની સ્કોલરશીપનું કોઈપણ એક જ યોજનામાં ફોર્મ ભરવાનું રહેશે. અન્ય બીજી યોજનામાં સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓના સ્કોલરશીપના તમામ ફોર્મ રદ કરવામાં આવશે.**

– **વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરાવતી વખતે પોતાની જાતે જ વિગતો ચકાસીને ફોર્મ ભરાવવું.**

– ઓનલાઈન ફોર્મ ભરીને સમયસર કોલેજમાં જમા કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

– સ્કોલરશીપ ફોર્મ જમા કરાવવા માટે નોટીસમાં દર્શાવેલ સમય અને તારીખ મુજબ આવવાનું રહેશે.

– **NSP યોજના તથા ગુજરાત સરકારની અન્ય યોજનાના ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓનું ડિઝિટલ ગુજરાત સ્કોલરશીપ યોજનાનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.**

### :: NT/DNT વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચના ::

**NT/DNT** વિચરતી તથા વિમુક્તી જાતિના સેલ્ફ ફાયનાન્સના વર્ગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ **BCK 325** યોજનાનું ફોર્મ ભરવાનું રહેશે.

**<u>શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા</u>**

# ઓનલાઈન સ્કોલરશીપના ફોર્મ ભરતા વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણેની તારીખો ફોર્મમાં ઉમેરવી

## (સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

**<u>ફ્રેશ વિદ્યાર્થીઓ – (સેમ–૧ માટે)</u>**

**પ્રવેશ તારીખ : ૦૧/૦૭/૨૦૨૫**

**સત્ર પૂર્ણ થવાની તારીખ : ૨૫/૦૪/૨૦૨૬**

**<u>રીન્યુઅલ વિદ્યાર્થીઓ – (સેમ–૩ અથવા ૫ માટે)</u>**

**પ્રવેશ તારીખ : ૧૭/૦૬/૨૦૨૫**

**સત્ર પૂર્ણ થવાની તારીખ : ૨૫/૦૪/૨૦૨૬**

**<u>નોંધ :</u>** ફોર્મમાં દર્શાવવાની ફીની વિગત તથા ઓનલાઈન તથા ફોર્મ સાથે જોડવાના ડોકયુમેન્ટની વિગતવાર નોટીસ નોટીસબોર્ડ ઉપર લગાવેલ છે.

– ઓનલાઈન ભરેલ ફોર્મની એક નકલની સાથે ફોર્મમાં દર્શાવેલ ક્રમ પ્રમાણેના ડોકયુમેન્ટ જોડીને કોલેજમાં જમા કરાવવાની રહેશે. એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

**તમામ ડોકયુમેન્ટ ઓરીજનલ વંચાય તેવા અપલોડ કરવાના રહેશે.**

**<u>શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા</u>**

# શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ ભરી નીચે મુજબના તમામ ડોકયુમેન્ટ સ્વ–પ્રમાણિત કરી (સહી કરીને) કોલેજમાં જમા કરાવવાના રહેશે.

– જાતિના દાખલાની નકલ. (સ્વ–પ્રમાણિત)

– બેંક પાસબુક/રદ કરાવેલ ચેકની પ્રથમ પાનાની નકલ. (કોઈપણ બેંક ચાલશે)

– ફીની પાવતી (હાલ જે સેમેસ્ટરમાં ભણતા હોય તે)

– છેલ્લે પાસ કરેલ શૈક્ષણિક માર્કશીટની નકલ. ***(સેમ–૧ માટે ધોરણ–૧૨ જેટલા પ્રયત્ને પાસ કરેલ હોય તે તમામ માર્કશીટની નકલ તથા સેમ–૩ માટે સેમ–૨ની તથા સેમ–૫ માટે સેમ–૪ ની માર્કશીટની નકલ)***

– આવકના દાખલાની નકલ. (૦૧/૦૪/૨૦૨૩ પછીનો ત્રણ વર્ષની સમય મર્યાદાવાળો). જે વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તેમણે ફોર્મ નં.૧૬ જોડવું. **આવકની મર્યાદા – રૂા.૨,૫૦,૦૦૦/–**

– શાળા છોડયાના પ્રમાણપત્રની (એલ.સી.) નકલ.

– બોનાફાઈડ સર્ટીફીકેટ. (ફકત સેમ–૧ ના વિદ્યાર્થીઓ માટે)

– સેમ–૩ અને સેમ–૫ ના વિદ્યાર્થીઓ માટે આઈકાર્ડની નકલ.

– આધારકાર્ડની નકલ

– વિદ્યાર્થીના પિતા હયાત ના હોય તેમણે મરણના દાખલાની નકલ જોડવાની તેમજ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

– ગેપ હોય તો તે અંગેનું સોગંદનામું. (નોટરી કરાવેલ)

– દિવ્યાંગ હોય તો તે અંગેનું મેડીકલ ઓફિસરનું સર્ટીફીકેટ.

**શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા**

# સ્કોલરશીપના ફોર્મ સ્વીકારવાની તારીખ અને સમય

## (સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

**:: ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની તારીખ ::**

# ૦૪/૦૮/૨૦૨૫ થી ૩૦/૦૯/૨૦૨૫

**:: ફોર્મ સ્વીકારવાનો સમય ::**

# સવારે : ૦૯:૦૦ થી ૧૧:૦૦

**બી.સી.એ.** વિદ્યાર્થીઓએ તેમના સ્કોલરશીપના ફોર્મ **દિનેશભાઈ ગજજર પાસે** જમા કરાવવા.

:: ખાસ નોંધ ::

**સ્કોલરશીપ અંગેની તમામ સૂચનાઓ ડીસા કોલેજની વેબસાઇટ તથા કોલેજના નોટીસબોર્ડ પર મૂકવામાં આવે છે. તેથી વિદ્યાર્થીઓ દ્વારા કે અન્ય કોઇપણ દ્વારા બનાવેલ ગૃપમાં આવતી નોટીસ ધ્યાનમાં લેવી નહિ.**

## SMT. CHANDANBEN S. S. SHAH BCA COLLEGE, DEESA

## ફોર્મમાં દર્શાવવાની થતી ફીની વિગત : (વાર્ષિક)

# Student Scholarship Fees Detail 2025-26

| B.C.A. SEM.- I/II (Self-Finance) | | | | | |
|---|---|---|---|---|---|
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 14000 | 3945 | 3320 | 21275 |
| Female | 10 | 14000 | 3945 | 3320 | 21275 |
| B.C.A. SEM.- III/IV (Self-Finance) | | | | | |
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 14000 | 4155 | 3320 | 21485 |
| Female | 10 | 14000 | 4155 | 3320 | 21485 |
| B.C.A. SEM.- V/VI (Self-Finance) | | | | | |
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 14000 | 4155 | 3520 | 21685 |
| Female | 10 | 14000 | 4155 | 3520 | 21685 |

# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ તથા યોજનાની વિગતો

## (વર્ષ ૨૦૨૫–૨૬)


**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ**

**ગુજરાત રાજય**

**ગાંધીનગર**

# વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકો Online ભરવા અંગેની સુચનાઓ (https://www.digitalgujarat.gov.in)

- ➔ પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ "New Registration(Citizen)" પર ક્લીક કરી નવુ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવુ રજીસ્ટ્રેશન Email ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે E-mail ID અને મોબાઇલ નંબર ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર કે Email Idને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે. (My Profile Update થયેલ હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.)
- ➔ જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે પોર્ટલની અન્ય યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.
- ➔ જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર User ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" ઓપ્શન ડિજિટલ ગુજરાત પોર્ટલના લોગીન પેજ પર છે.
- ➔ જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની OBC/SC/ST કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.
- ➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Services" મેનુ માં જઇ "Scholarship Services" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.
- ➔ "Scholarship Services" Option પર ક્લિક કર્યા બાદ Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૪-૨૫ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૫-૨૬ માટે

ઓનલાઇન અરજી કરવા માટે "Request a New Services" બટન પર કલીક કરી Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૫-૨૬ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

➔ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવશે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર કલીક કરી "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૫-૨૬ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

➔ જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર કલીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર કલીક કરી "Request a New Service" બટન પર કલીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૫-૨૬ સીલેક્ટ કરી "(Director Developing Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર કલીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ "Continue to Service" પર કલીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

➔ તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા બાદ "Verify Mobile Number" બટન પર કલીક કરી પોતાના મોબાઇલ નંબર પર OTP મેળવી ઓનલાઇન અરજી " Confirm & Final Submit" કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

# (વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ)

➔ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિકસતી જાતિના તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે **તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫** સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરવાની રહેશે.

➔ જો વિદ્યાર્થી દ્વારા શરતચુકથી બીજી યોજનામાં અરજી કરેલ હશે તો પાછળથી તફાવતની રકમ મળવાપાત્ર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.

➔ વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લીકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

➔ નિયામક વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલિત તમામ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬થી તમામ વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYC માટે નીચેની વિગતો ધ્યાને લેવા જણાવવામા આવે છે.

➔ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીની Aadhaar Based Biometric eKYC અંગેની વિગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝથી API Service મારફત મેળવીએ છીએ. જે અંગેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલ સાથે Integration કરવામાં આવેલ છે. જેથી જ્યારે વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરે ત્યારે વિદ્યાર્થી જાતે જ પોતાનો Aadhaar Based Biometric eKYC નો ડેટા ઓનલાઇન પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. જેથી વિદ્યાર્થીનુ Aadhaar Based Biometric eKYC થયેલ હશે તો ઓનલાઇન અરજીમાં Aadhaar Based Biometric eKYC ની વિગતમાં "Yes" આવશે.

વિદ્યાર્થીનું Aadhaar Based Biometric eKYC ત્યારે જ "Yes" આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC કરાવેલ હશે. વિદ્યાર્થી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC નીચે મુજબના જુદા જુદા ઓપ્શનથી કરી શકશે.

1. "My Ration" Mobile Application દ્વારા વિદ્યાર્થી જાતે જ કરી શકશે. (Mobile App Link: https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share)
2. મામલતદાર કચેરીની પુરવઠા શાખા અથવા મહાનગરપાલિકા વિસ્તારમાં ઝોનલ ઓફીસની મુલાકાત લઇ કરી શકાશે.
3. ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત કરી શકાશે.
4. શાળાના આચાર્યશ્રીઓ પણ કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું તથા રેશનકાર્ડ માં નામ હોવુ તથા રેશનકાર્ડમાં આધારનંબર સીડ કરેલો હોવો ફરજિયાત છે.

- ➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સંબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- ➔ ગુજરાતના વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત Digital Gujarat Portal પર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે મૂળ વતનના જિલ્લાની વિકસતી જાતિની કચેરીએ જમા કરાવવાની રહેશે.

  જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે "Registration Detail ➔ Current Address State" માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે.
- ➔ વિદ્યાર્થીએ પોતાનું બેંકનું ખાતુ ચાલુ રહે તે માટે બેંકના નિયમ મુજબ KYC (KNOW YOUR CUSTMER) ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થી દ્વારા જો ફોર્મ ભરતી વખતે ખોટો બેંક એકાઉન્ટ નંબર ભરવામાં આવશે અને શિષ્યવૃત્તિ અન્ય ખાતામાં જમા થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➔ જો વિદ્યાર્થીએ પોતાનુ બેંક ખાતુ લાંબા સમયથી ઓપરેટ કરેલ ન હોય (એટલે કે બેંક ખાતામાં પૈસા ઉપાડવાનો કે જમા કરવાનો કોઇ વ્યવહાર કરેલ ન હોય) તેઓના ખાતા ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ હોય છે. આવા ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ શકતી નથી. જેથી તમામ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનુ ફોર્મ ભરતી વખતે પોતાનુ ખાતુ ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ નથી તેની ખાતરી બેંકમાં ખાસ કરી લેવાની રહેશે જેથી ઓનલાઇન શિષ્યવૃત્તિ જમા કરતી વખતે મુશ્કેલી ઉભી ન થાય.
- ➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને Online Send થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ એડ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ થોડા સમયબાદ સીલેક્ટ કરી શકશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં આવશે નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃત્તિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃત્તિ

માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે તેઓ ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.

- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધી રાહ ન જોવી અને સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ સત્વરે ફોર્મ ભરી દેવા વિનંતી છે.
- ➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. (વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવાની નથી)
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમિયાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ એકરારનામું કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા–વધારા કરી શકશે નહિ. જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો–વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા–વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં હવે "Withdraw" ની ફેસેલીટી મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા–વધારા કરી ફરી સેન્ડ કરી શકશે.)
- ➔ ગ્રામ્ય કક્ષાએ વિદ્યાર્થી E–gram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.
- ➔ શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓ/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.
- ➔ વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

## (વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો ધ્યાને રાખવી તથા નીચે મુજબના તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

### ધ્યાને રાખવાની વિગતો:

- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ–મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ–મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ➔ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર OTP (ONE TIME PASSWORD) આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ નંબર શિષ્યવૃત્તિ ન મળે ત્યા સુધી કાર્યરત હાલતમાં રહે તે વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાનમાં રાખવુ.
- ➔ વર્ષ: ૨૦૨૨–૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવશે.
- ➔ જો વિદ્યાર્થી દ્વારા શરતચુકથી બીજી યોજનામાં અરજી કરેલ હશે તો પાછળથી તફાવતની રકમ મળવાપાત્ર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.
- ➔ કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીના માન્ય શૈક્ષણિક સત્ર મુજબ એક શૈક્ષણિક સત્રમાં એક વાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

### ડોક્યુમેન્ટ:

- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વિદ્યાર્થીનો જાતિનો દાખલો
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા–પિતાએ છૂટાછેડા લીધા હોય છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે)(જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ–૧૬ અપલોડ કરવુ)
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષ સુધીની ક્રમાનુસાર માર્કશીટ
- ➔ બેંક પાસબુકનું પ્રથમ પાનું જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના IFSC તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)

- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઈપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એકરારનામું
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- વિદ્યાર્થીનીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર
- આધારનંબર
- જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા અન્ય આનુષાંગિક પુરાવા

નોંધ: ૧. વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે ફક્ત ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા (જો કોઈ ડોક્યુમેન્ટ ઓરીજીનલ ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ નકલ અપલોડ કરવાની છુટ આપવામાં આવશે)

૨. ફોર્મ સંસ્થામાં જમા કરાવતી વખતે જે ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ સહિત સંસ્થામાં ફોર્મ આપવુ.

<table>
<tr><th colspan="9">પત્રક–અ</th></tr>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2">યોજનાનું નામ</th><th rowspan="2">જાતિ</th><th rowspan="2">ધોરણ</th><th colspan="3">શિષ્યવૃત્તિ/સહાયના દર</th><th rowspan="2">વાર્ષિક આવક મર્યાદા</th><th rowspan="2">રીમાર્કસ</th></tr>
<tr><th>એકેડમીક એલાઉન્સ (વાર્ષિક)</th><th>ટ્યુશન ફી (વાર્ષિક)</th><th>કુલ</th></tr>
<tr><td rowspan="4">૧</td><td rowspan="4">PM YASASVI Post Matric Scholarship For OBC, EBC & DNT Students (GOI)</td><td rowspan="4">OBC<br>EBC<br>DNT</td><td>ગ્રૂપ–A</td><td>૧૦,૦૦૦/–</td><td>૧૦,૦૦૦/– અથવા ફી પહોંચમાં દર્શાવેલ ટ્યુશન ફી (બન્ને માંથી જે ઓછુ હોય તે)</td><td>૨૦,૦૦૦/–</td><td rowspan="4">રૂ.૨,૫૦,૦૦૦/–</td><td rowspan="4">• ગૃપ–A થી ગૃપ–C માટે સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ અને ગૃપ–D માટે સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• વિદ્યાર્થીને આધારબેઝ payment થતુ હોવાથી વિદ્યાર્થીએ પોતાના આધારકાર્ડ સાથે બેંક ખાતુ લિંક કરાવવાની પ્રકિયા કરવાની રહેશે.</td></tr>
<tr><td>ગ્રૂપ–B</td><td>૮,૦૦૦/–</td><td>૫,૦૦૦/– અથવા ફી પહોંચમાં દર્શાવેલ ટ્યુશન ફી (બન્ને માંથી જે ઓછુ હોય તે)</td><td>૧૩,૦૦૦/–</td></tr>
<tr><td>ગ્રૂપ–C</td><td>૬,૦૦૦/–</td><td>૨,૦૦૦/– અથવા ફી પહોંચમાં દર્શાવેલ ટ્યુશન ફી (બન્ને માંથી જે ઓછુ હોય તે)</td><td>૮,૦૦૦/–</td></tr>
<tr><td>ગ્રૂપ–D</td><td>૫,૦૦૦/–</td><td>૦/–</td><td>૫૦૦૦/–</td></tr>
<tr><td rowspan="3">૨</td><td rowspan="3">બીસીકે–૮૦<br>મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય</td><td rowspan="3">સા.શૈ.પ.વ.</td><td>મેડીકલ</td><td colspan="3">વાર્ષિક રૂ.૧૫,૦૦૦/–</td><td rowspan="3">રૂ.૬,૦૦,૦૦૦/–</td><td rowspan="3">• સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• સાધન ખરીદી અંગેના બિલ રજુ કરવાનું રહેશે.<br>• પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર રહેશે.</td></tr>
<tr><td>એન્જીનીયરીંગ</td><td colspan="3">વાર્ષિક રૂ ૧૦,૦૦૦/–</td></tr>
<tr><td>ડીપ્લોમા</td><td colspan="3">વાર્ષિક રૂ.૫,૦૦૦/–</td></tr>
<tr><td>૩</td><td>બીસીકે–૭૯<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય</td><td>સા.શૈ.પ.વ.</td><td>મેડીકલ<br>એન્જીનીયરીંગ</td><td colspan="3">વાર્ષિક રૂ.૧૫,૦૦૦/–</td><td>રૂ.૬,૦૦,૦૦૦/–</td><td>• સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.</td></tr>
</table>

**પત્રક–અ**

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | ધોરણ | શિષ્યવૃત્તિ/સહાયના દર | | | વાર્ષિક આવક મર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકેડમીક એલાઉન્સ (વાર્ષિક) | ટ્યુશન ફી (વાર્ષિક) | કુલ | | |
| ૪ | ડીએનટી–૨<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | વિચરતી વિમુક્ત | મેડીકલ એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૧૫,૦૦૦/– | | | રૂા.૬,૦૦,૦૦૦/– | • સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૫ | બીસીકે–૯૮<br>એમ.ફીલ, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.શૈ.પ.વ. | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમ.ફીલ માટે વાર્ષિક રૂા.૨૫,૦૦૦/– અને પી.એચ.ડી. માટે વાર્ષિક રૂા.૧,૦૦,૦૦૦/– સુધીની | | | રૂા.૬,૦૦,૦૦૦/– | • સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે.<br>• પીએચ.ડી ની સહાય છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૬ | બીસીકે–૮૧ સી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ઓપન યુનિવર્સીટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સીટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂા.૨,૫૦૦/– | | | રૂા.૬,૦૦,૦૦૦/– | • ઓપન યુનિવર્સીટી ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૭ | બીસીકે–૩૨૫<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/– સુધીની શૈક્ષણિક સહાય | | | રૂા.૨,૦૦,૦૦૦/– | • ફક્ત સ્વનિર્ભર કોલેજ ના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. |
| ૮ | ટ્યુશન સહાય યોજના | સા.શે.પ.વ. | ધો–૧૧ વિજ્ઞાન પ્રવાહ | રૂા.૧૫,૦૦૦/– | | | રૂા.૬,૦૦,૦૦૦/– | • ખાનગી ટ્યુશન કલાસીસ<br>• વિદ્યાર્થીએ ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. |
| | | | ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ | રૂા.૧૫,૦૦૦/– | | | | |

**નોંધ: ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)**